ગાંધીનગર સમાચાર

શહેરમાં ધોકા-પાઈપો ગાડીમાં રાખીને ફરતા શખ્સો બેલગામ

@ગાંધીનગર

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા રાત્રે ૯.૪૫ કલાકે સે-૧૭, ટાઉનહોલ ખાતે અર્ધસત્ય નાટક યોજાશે.

● ગૂંજ ફાઉન્ડેશન દ્વારા સેકટર-૭ પ્રાથમિક શાળા ખાતે સવારે ૮.૦૦ કલાકે વ્યસન મુકિતનો કાર્યક્રમ યોજાશે.

● સે-૨૪ સ્વામી વિવેકાનંદ વિદ્યાલય ખાતે સવારે ૧૦ કલાકે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાશે.

● સે-૮ પ્રાથમિક શાળા ખાતે સવારે ૯.૦૦ કલાકે વ્યસન મુકિતનો કાર્યક્રમ યોજાશે.

● વંદેમાતર પરિવાર દ્વારા માયબેનના નિવાસસ્થાન ૪૦૩/૧, બી-ટાઈપ સે-૨૯ ખાતે બપોરના ૨.૩૦ કલાકે આનંદનો ગરબો યોજાશે.

● ઓમકારેશ્વર મહાદેવ ટ્રસ્ટના પ્રમુખ જગદીશભાઈ રાવલ અને વોર્ડ નં. ૮ના કોર્પોરેટર પ્રવિણાબેનના સંયુકત ઉપક્રમે સે-૪ ઓમકારેશ્વર મંદિર ખાતે સવારના ૧૧ થી સાંજના ૬ કલાક દરમિયાન આધાર કાર્ડ કેમ્પ યોજાશે.

# કેટલ રેમ્પમાં ભેંસના બે પગ ફસાયા

## ફાયરબ્રિગેડની ટીમે સે-૧૯માં ઈલે. મીડીયા પ્રભાગ કચેરી બહાર ફસાયેલી ભેંસને હેમખેમ બહાર કાઢી

ગાંધીનગર, તા. ૨

શહેરના સેકટર-૧૬ ખાતે સ્થિત વિદ્યા લાયબ્રેરીની સામે આવેલી ઈલે. મીડીયા પ્રભાગ કચેરીના પ્રવેશદ્વારે કેટલ રેમ્પની પાઈપો વચ્ચે એક ભેંસના પગ ફસાઈ જતા દોડધામ મચી ગઈ હતી. સિકયુરીટી ગાર્ડે ફાયરબ્રિગેડને જાણ કરતા કાફલો સ્થળ પર આવી ગયો હતો અને હાઈડ્રોલીક સ્પ્રેડર મશીનની મદદથી ફસાયેલી ભેંસનું રેસ્કયુ કરી હેમખેમ બહાર કાઢવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર આજે સવારના ઓફીસ અવર્સ પહેલા સેકટર-૧૬ ઈલેકટ્રોનીકસ મીડીયા પ્રભાગની કચેરીના પ્રવેશદ્વારે કેટલ રેમ્પમાં એક ભેંસ ફસાઈ ગઈ હતી અને કુદકા લગાવી પોતાનો જીવ બચાવવા તથા રેમ્પમાંથી નીકળવા પ્રયત્નો કરી રહી હતી. કચેરીના સિકયુરીટી ગાર્ડનું ધ્યાન જતાં તેણે તાત્કાલીક ગાંધીનગર ફાયરબ્રિગેડને કોલ કરી બોલાવી લીધી હતી. ફાયર ઓફીસર મહેશ મોડની ફાયર સર્વિસ રેસ્કયુ ટીમના માણસો સ્થળ પર તાબડતોબ પહોંચી ગયા હતા અને હાઈડ્રોલીક સ્પ્રેડર મશીન વડે કેટલ રેમ્પની બે પાઈપો પહોળી કરીને ભેંસના ફસાયેલા બંને પગ બહાર કાઢી ફસાયેલી ભેંસને બહાર કાઢી રેસ્કયુ ઓપરેશન સફળ બનાવ્યું હતું.






દેના ગુજરાત ગ્રામીણ બેંક અને લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા દ્વારા લાઈફ ઈન્સ્યોરન્સ પોલીસી વિતરણ માટેના કોર્પોરેટ એજન્ટ તરીકેના એમ.ઓ.યુ. હસ્તાક્ષર સમારોહનું આયોજન દેના ગુજરાત ગ્રામીણ બેંક, મુખ્ય કચેરી ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. આ સમારોહ દરમિયાન દેના ગુજરાત ગ્રામીણ બેંકના ચેરમેન બલબીરસિંહ લુથરા અને લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના રીજીયોનલ મેનેજર તપસ સાહૂ દ્વારા કોર્પોરેટ એજન્ટ તરીકેના એમ.ઓ.યુ. પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં દેના બેંક ગાંધીનગરના ઝોનલ મેનેજર ચિત્રા કે. વાસન, દેના ગુજરાત ગ્રામીણ બેંકના જનરલ મેનેજર રાકેશ ચલાવારીયા, એલઆઈસી ઓફ ઈન્ડિયાના સીનિયર ડીવીઝન મેનેજર સનોજકુમાર તેમજ દેના ગુજરાત ગ્રામીણ બેંકના તમામ રીજીયોનલ મેનેજર ઉપસ્થિત રહ્યા હતાં.

# શહેરમાં ધોકા-પાઈપો ગાડીમાં રાખીને ફરતા શખ્સો બેલગામ

## નાની-નાની માથાકુટોમાં પણ ગાડીમાંથી ધોકા-બેઝ અને પોલીસ સ્ટીક કાઢીને સીનસપાટા કરતા તત્વો બેફામ : વસાહતીઓ આ દશ્યો જોઈને ભયભીત

ગાંધીનગર, તા. ૨

પાટનગરમાં ધીમે ધીમે અસામાજીક તત્વોનો સેકટર દીઠ વ્યાપ વધતો જઈ રહ્યો હોય તેમ વસાહતીઓ દ્વારા મળતી ફરિયાદો પરથી સ્પષ્ટ થાય છે. તે ઉપરાંત ગાડીમાં ધોકા-પાઈપો જેવા હથિયારો રાખીને બિન્દાસ્ત ફરતા યુવા શખ્સો પણ બેલગામ છે. નાની નાની બબાલમાં પણ ગાડીમાંથી આવા હથિયારો કાઢીને જાહેરમાં સીનસપાટા કરતા તત્વોથી વસાહતીઓ ભયભીત થઈ રહ્યા છે. પોલીસે હવે ચેકીંગ દરમિયાન હથિયારો લઈને ફરતા યુવાનો-નબીરાઓ પકડાય તો તેની સામે પણ કડક કાર્યવાહી કરવાની જરૂર વર્તાઈ રહી છે.

શહેરના સે-૨૩ વિસ્તારમાં કેટલાક તત્વોના ત્રાસથી વેપારીઓ ત્રાસી ગયા હોવાની રજુઆતોને હજુ એક સપ્તાહ થયું નથી ત્યાં હવે સેકટર-૨૩ વિસ્તારમાં પણ આ પ્રકારના કેટલાક તત્વો દારૂના નશામાં ધૂત બનીને બેફામ ગાળાગાળી કરી અવરજવર કરતા વસાહતીઓને મન ફાવે તેમ બોલતા હોવાની ફરિયાદ મળી છે. આ તત્વોને કોઈ વસાહતી હિંમત કરીને કાંઈ બોલે તો જાહેરમાં તેને ગાળાગાળી કરીને ઉતારી પાડી વાહનમાંથી ધોકા કાઢી હુમલાની દહેશત બતાવે છે. ચોંકાવનારી બાબત તો એ છે કે શહેરમાં અંદાજે દર ચાર-પાંચ ગાડી પૈકી એક ગાડીમાં પોલીસ સ્ટીક, લાકડી, પાઈપ કે બેઝ જેવા હથિયાર જોવા મળશે. આમ હથિયારો ગાડીમાં રાખીને ફરતા યુવા શખ્સો પૈકી કેટલાક તો વાતે વાતે ગાડીમાંથી હથિયાર કાઢે છે. કેટલાક તો હથિયારનો ઉપયોગ કરતા પણ ખચકાતા નથી. આ પ્રકારના હથિયારો અંગે ચેકીંગ કરવામાં આવે અને કડક કાર્યવાહી તેમની સામે કરવામાં આવે તેવી આવશ્યકતા ઉભી થવા પામી છે.

વાતવાતમાં

● બીપીએસ સ્વામિનારાયણ સંસ્થાનના વડા પૂ. પ્રમુખ સ્વામી મહારાજનો શ્રદ્ધાંજલિ સમારોહ તા. ૧૩મી ઓગષ્ટ શનિવારના રોજ સાંજે ૬.૦૦ કલાકે મહાત્મા મંદિર ખાતે યોજવામાં આવ્યો છે. આ શ્રદ્ધાંજલિ સમારોહમાં રાજયપાલ ઓમપ્રકાશ કોહલી તથા મુખ્યમંત્રી વિજય રૂપાણી ઉપસ્થિત રહેશે તથા પૂ. પ્રમુખસ્વામીના અનુગામી પૂ. મહંત સ્વામી આશીર્વચન પાઠવશે.

● થોડા સમય પૂર્વે સે-૧૩માં સાયકલ પર કરતબ બતાવી જાહેર જનતાને દંગ કરનાર સાયકલિસ્ટે હાલ સે-૬માં ધામા નાંખ્યા છે. વિવિધ આશ્ચર્યજનક કરતબ બતાવી પેટિયું રળતા આ સાયકલિસ્ટે અહીં લોખંડના લાલચોળ ગરમ કરાયેલા સળિયાને પોતાના હાથ વડે ઠંડા પાડવાનો દિલધડક કરતબ પ્રસ્તુત કર્યો હતો.

● સોમવારે શિક્ષકદિને જ ગણેશ ચતુર્થી તથા સંવત્સરીનો તહેવાર હોવાથી જાહેર રજા છે. આ કારણે વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં અત્યારથી શિક્ષણ દિનની ઉજવણીનો પ્રારંભ કરી દેવાયો છે.

● પવિત્ર શ્રાવણમાસનો અંત થતા જ શહેરમાં ઉપવાસીઓએ તેમના ઉપવાસ પૂર્ણ કર્યા છે અને તેમાંથી ઘણા ચટાકાના શોખીનોએ નાસ્તાની લારીઓ તથા ફાસ્ટફુડના પાર્લરો પર જઈ પોતાના અરમાન પુરા કર્યા હતા. આ ઉપરાંત હજામતની દુકાનોએ પણ લાઈનો જોવા મળી હતી.

● સિવિલ હોસ્પિટલમાં ચાલી રહેલ નર્સિંગ સ્ટાફની ભરતી પ્રક્રિયામાં ૩૦ જગ્યાઓ માટે ૪૦૦થી વધુ ઉમેદવારો ઉમટી પડયા હતા. સિવિલ હોસ્પિટલમાં ઓપીડી કેસબારીની ઉપર જ સિવિલ સર્જનની ઓફિસ હોવાથી આ ઉમેદવારોના ટોળાના કોલાહલના કારણે દર્દીઓને ઘણી હેરાનગતિનો સામનો કરવો પડયો હતો.

## પંચદેવ યુવક મંડળ દ્વારા રવિવારથી સેવા કેન્દ્રનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરના પ્રવેશ દ્વાર એવા ઈન્દ્રોડા સર્કલ (ચ-૦) ખાતે પંચદેવ મંદિરના યુવકોદ્વારા ભાદરવા સુદ પુનમે અંબાજી પગપાળા જતા યાત્રીકો માટે છેલ્લા ૨૦ વર્ષથી સેવા કેન્દ્ર ચલાવવામાં આવે છે. તેજ રીતે આ વર્ષે પણ તા. ૪-૯-૨૦૧૬ અને ભાદરવા સુદ ત્રીજના રોજથી સેવા કેન્દ્રનો પ્રારંભ શ્રી પંચેદવ મંદિરના મહંત પૂ. ફૂલશંકર શાસ્ત્રીજીના હસ્તે રાખવામાં આવ્યો છે.

આ સેવા કેન્દ્રમાં ચા, કોફી, નાસ્તો, ગરમ મહાપ્રસાદ, મેડીકલ સારવાર તેમજ વિશ્રામ કરવાની પણ વ્યવસ્થા રાખેલ છે. જેથી દરેક પદયાત્રીઓને સેવાનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## પમીએ બ્રહ્મસમાજ દ્વારા શ્રીજીની શોભાયાત્રા નીકળશે

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર દ્વારા છેલ્લા ૫ વર્ષથી શ્રી ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. આ ૬ઠ્ઠા વર્ષે પણ શ્રી ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. તેના ભાગરૂપે તા. ૫ સપ્ટેમ્બરના રોજ શ્રી ગણેશ મુર્તિના સ્થાપનના મુખ્ય યજમાન શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગરના મહામંત્રી નરેશભાઈ દવે (દવે સાઉન્ડ)ના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૬૮૯/૧, સે-૫-સી ખાતેથી સવારે ૯.૦૦ કલાકે ગણેશજીની વાજતે ગાજતે શોભાયાત્રા ગ રોડ ઉપરથી નીકળી સે-૧૬ બ્રહ્મભવન ખાતે પધારશે તેમજ તા. ૪ સપ્ટેમ્બરના રોજ રાત્રે ૯.૦૦ કલાકે સે-૨૩ બ્રહ્મસમાજ દ્વારા શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદનાનો કાર્યક્રમ પણ યોજવામાં આવશે. શોભાયાત્રા તેમજ પાઠમાં જોડાવા ધર્મપ્રેમી જનતાને શ્રી સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખ પિનાકીન રાવલ દ્વારા અનુરોધ કરાયો છે.

## આર.એન. પટેલ શાળામાં શિક્ષક દિન ઉજવાયો

ગાંધીનગર, તા. ૨

જીવનના ઘડતર માટે શિક્ષણ એક ઉત્તમ માધ્યમ છે. શિક્ષણથી જીવનનો સંપૂર્ણ વિકાસ થાય છે. વિદ્યાર્થીના જીવનમાં આદર્શ મૂલ્યો સાથે ચારિત્ર્ય ઘડતરનું કામ શિક્ષકે કરવાનું છે તે હેતુથી શ્રીમતી આર.એન. પટેલ પ્રાયમરી શાળામાં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી.

શિક્ષક દિન ઉજવણી પ્રસંગે વિદ્યાર્થીઓને શિક્ષકની ભૂમિકા અદા કરી પોતે એક દિવસ માટે શિક્ષક હોવાનો સ્વ અનુભવ સાથે શૈક્ષણિક કાર્ય કર્યું હતું તે અંતર્ગત ૫૬ વિદ્યાર્થી શિક્ષકો તથા ૨૯ વિદ્યાર્થીની શિક્ષિકાઓએ



ભાગ લઈ ખૂબ જ પ્રશંસનીય કામગીરી કરી હતી તથા સેવકભાઈઓએ નિષ્ઠાપૂર્વક કાર્ય કર્યું હતું. શિક્ષક દિન નિમિત્તે પ્રથમ નંબર પ્રાપ્ત કરનાર વાળંદ ધ્વનિ, દ્વિતીય નંબર પ્રાપ્ત કરનાર ઝાલા જયદિપ અને તૃતીય નંબર પ્રાપ્ત કરનાર ઠકકર બ્રિંદાને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. શાળાના સર્વશ્રેષ્ઠ શિક્ષક તરીકેનું બહુમાન પટેલ મહર્ષિને પ્રાપ્ત થયું હતું. આ દરમિયાન સેવકભાઈઓએ પણ પ્રશંસનીય કાર્ય બદલ તેમને પણ ઈનામ દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. તે દિવસ માટે પ્રિન્સિપાલ બનેલ હડિયોલ સૂરજ પી. શિક્ષકની ભૂમિકા ભાગવદ સમાન ઉત્તમ છે તેવું કાવ્ય ગાઈને શિક્ષકનો મહિમા રજૂ કર્યો હતો.

શાળાના આચાર્યા એ સમાજમાં શિક્ષકના મહત્વ અંગે પ્રસંગોચિત ઉદબોધન આપ્યું હતું. સમગ્ર શિક્ષક દિનનું આયોજન ધવલ પ્રજાપતિ અને અનિલાબેન માંકડે કર્યું હતું. વિદ્યાર્થી સુપરવાઈઝર નિસર્ગ રાવલે આભારવિધિ કરી હતી.

# નર્સિંગ કોલેજમાં શિક્ષક દિન ઉજવાયો

## કોલેજની ૪૮ વિદ્યાર્થીનીઓએ ભાગ લઈ શિક્ષકની ભૂમિકા ભજવી

ગાંધીનગર, તા. ૨

'શિક્ષક કભી સાધારણ નહી હોતા, પ્રલય ઔર નિર્માણ ઉસકી ગોદ મેં પલતે હૈ' ચાણકયની આ મશહુર ઉકિત શિક્ષકનું માહાત્મ્ય સુપેરે સમજાવે છે. ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિન નિમિત્તે શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવે છે. ગાંધીનગરના સે-૧૨માં સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગમાં આજે શિક્ષકદિનની ઉજવણી હોંશભેર કરવામાં આવી હતી.



ગાંધીનગરની નર્સિંગ કોલેજ ખાતે ઉજવાયેલ શિક્ષક દિનની ઉજવણીમાં વિદ્યાર્થીનીઓએ શિક્ષકની ભૂમિકા ભજવી હતી. આ ઉજવણીમાં કુલ ૪૮ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો અને અલગ અલગ વિષય મુજબ તેમણે દરેક કલાસમાં વિદ્યાર્થીઓને 'લેસન' આપ્યું હતું. શિક્ષકની અદાથી વિદ્યાર્થીનીઓએ પોતાના કલાસમાં લેકચર લીધા હતા તથા કોલેજની વહીવટી જવાબદારી પણ નિભાવી હતી. આ પ્રસંગે નર્સિંગ કોલેજના આચાર્યા રવિનાબેન ક્રિશ્ચિયને વિદ્યાર્થીઓને ભવિષ્યમાં ઉત્તમ શિક્ષક બનવા માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આ ઉપરાંત કેમ્પસ ડાયરેકટર આર.જે. વ્યાસે વિદ્યાર્થીઓને આર્શીવચન પાઠવ્યા હતા.

# કલોલના યુવાને અસામાજીક તત્વોના ત્રાસથી ઉપવાસ આંદોલન શરૂ કર્યું



કલોલ તાલુકાના ઓળા ગામમાં રહેતા બિન્દેશકુમાર રાજવી આજે ગામના કેટલાક અસામાજીક તત્વોની ધમકીઓ અને હુમલાથી કંટાળીને આખરે ગાંધીનગર ખાતે સત્યાગ્રહ છાવણીએ ઉપવાસ આંદોલન પર બેઠો છે. અસામાજીક તત્વો દારૂનો ધંધો કરતા હોવાનું યુવાનનું કહેવું છે અને તેઓ બિન્દાસ્ત થઈને બિન્દેશ રાજવીને ધમકી આપી રહ્યા છે કે આ ધંધો બંધ નહી થાય હું પોલીસને ભરણ આપું છું. તમે ગામ છોડીને ચાલ્યા જાવ.. તેમ અરજીમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

## ૪થી સપ્ટેમ્બરે પુસ્તક પરબ યોજાશે

ગાંધીનગર ખાતે છેલ્લા અઢી વર્ષથી નિયમિત રીતે દર મહિનાના પ્રથમ રવિવારે પુસ્તક પરબ યોજવામાં આવે છે. જેનો ગાંધીનગરના સુજ્ઞ વાચકો ભરપુર લાભ લે છે. આ મહિને તા. ૪થી સપ્ટેમ્બરના રોજ સવારના ૭.૩૦ થી ૯.૩૦ સુધી ઘ-૪ના સર્કલ ખાતે ઉદ્યોગ ભવન નજીક પુસ્તક પરબ યોજાશે.

માતૃભાષા અભિયાન અને આત્મન ફાઉન્ડેશનના સહયોગથી યોજાતી આ પુસ્તક પરબનો હેતુ માતૃભાષા ગુજરાતીના ગૌરવનો પ્રસાર કરી અને સારા પુસ્તકોના વાંચનનો પ્રસાર કરવાનો છે. સાથો સાથ પુસ્તકના આદાન પ્રદાનની પ્રવૃત્તિ વિકસે તથા લોકોમાં વાંચનની ટેવ કેળવાય તેવો તેનો શુભ આશય છે. ગુજરાતમાં ૮૦ જેટલા સ્થળોએ આવી પુસ્તક પરબ યોજાય છે. પુસ્તક પરબનો લાભ લેવા માટે કિશોર જીકાદરા, આશા સરવૈયા, પ્રજ્ઞા પટેલ, મુળજીભાઈ પરમાર, અશોકભાઈ ત્રિવેદી, સંજય થોરાત, રણછોડભાઈ પરમાર, ધુર્જટી પ્રજાપતિ, રમેશચંદ્ર શ્રીમાળી તથા દિશાંત ગર્ગ સહિતના સહયોગીઓએ પુસ્તક ભાવકોને અનુરોધ કર્યો છે.

# શહેરમાં ગણેશોત્સવમાં મોદક ઓન ડિમાન્ડ



ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરમાં ગણેશોત્સવની ઉજવણી ધુમધામથી કરવામાં આવે છે. શહેરમાં વિવિધ સ્થળો પર ગણેશોત્સવમાં સાંસ્કૃતિક તેમજ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન થાય છે. ગણેશોત્સવને અનુલક્ષી શહેરના મીઠાઈના વેપારીઓ દ્વારા ખાસ બજારમાં બુંદીના લાડુની સાથે પાંચ પ્રકારના મોદક લાડુ તૈયાર કર્યા છે. શહેરના ગણેશ ભકતો પણ પ્રસાદી સ્વરુપે મોદક લાડુની વિશેષ ખરીદી કરે છે. જેને અનુલક્ષી શહેરમાં અંદાજે ૧૫૦૦ કિલો મોદક લાડુનું વેચાણ થાય છે. શહેરના વેપારીઓ લાડુ બનાવાની કામગીરી પુરજોશમાં આરંભી દીધી છે.

ગાંધીનગર શહેરમાં ગણેશોત્સવની તૈયારીઓને આખરી ઓપ ભકતો દ્વારા અપાઈ રહ્યો છે. શહેરમાં પાંચ થી પણ વધુ સ્થળો પર ગણેશોત્સવના મોટા આયોજન કરવામાં આવે છે. જેમા હજ્જારો ભકતો સવાર સાંજ પૂજા અર્ચના કરે છે. ભગવાન ગણેશના દર્શન કરીને ભકતો ધન્યતા અનુભવે છે. ત્યારે ભગવાનની પ્રસાદીમાં ખાસ મોદક તેમજ બુંદીના લાડુનું ખાસ મહત્વ રહેલું છે. કારણ કે શ્રી ગણેશ ભગવાનને લાડું અત્યંત પ્રિય હતા. જેને અનુલક્ષી શહેરના મીઠાઈના વેપારીઓ દ્વારા ખાસ પ્રસાદીના મોદક લાડુ તૈયાર કરવાની કામગીરી આરંભી દી ધી છે. જેમાં કેસર મોદક, પીસ્તા મોદક, કાજુ મોદક, પ્લેન મોદક અને બુંદીના લાડું નો સમાવશે થાય છે. શહેરમાં પ્રસાદી સ્વરુપે લઈ જતા મોદક લાડુનો ભાવ રૂ.૨૦૦ થી ૪૦૦ સુધીનો છે. જયારે બુંદીના લાડુનો ભાવ રૂ.૧૮૦ થી ૨૦૦ સુધીનો છે. શહેરમાં અંદાજીત ૧૫૦૦ કિલો લાડુનું વેચાણ થાય છે. મોદક લાડુ કેટલાક સ્થળો પર બની ગયા છે. જયારે કેટલાક વેપારીઓને ત્યાં કામગીરી કરી રહ્યા છે. શહેરમાં અત્યારે હાલ તો મોદક લાડુ ઓન ડિમાન્ડ છે.

## ગણેશ ઉત્સવ સમિતિ શ્રીજીની શોભાયાત્રા

ગાંધીનગર, તા. ૨

ગણેશ ઉત્સવ સમિતિ દ્વારા આગામી તા. ૫ થી ૧૪ સપ્ટેમ્બર દરમિયાન સે-૮ ગણેશબાગ ખાતે ગણેશ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રીજીના ઉત્સવ નિમિત્તે તા. ૫ સપ્ટેમ્બરના રોજ સવારે ૯.૦૦ કલાકે ગણેશજીની શોત્રાયાત્રા નીકળશે. તેમજ ૧૫ સપ્ટેમ્બરના રોજ ૧૨ કલાકે વિસર્જન યાત્રા નીકળશે. આ ઉત્સવ દરમિયાન ગણેશજીની આરતી સવારે અને સાંજે ૮.૦૦ કલાકે કરવામાં આવશે. સર્વે ધર્મપ્રેમી જનતાને દર્શનનો લાભ લેવા માટે અશ્વિનભાઈ ત્રિવેદીએ જણાવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. ખોડાજી કાનાજી ઠાકોર, ઉ.વ. ૩૨
- સ્વ. ગુણવંતરાય ગોપાલજી થાનકી, ઉ.વ. ૭૪
- સ્વ. બેબીબેન સવજીભાઈ સોલંકી, ઉ.વ. ૬૦
- સ્વ. સોનીબેન ગોબરભાઈ પરમાર, ઉ.વ. ૮૦
- સ્વ. બાલુસિંહ જવાનસિંહ ચૌહાણ, ઉ.વ. ૬૫